ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગુરુજી... મારે યોગ નથી શીખવા... ખાલી પ્રાણવાયુથી જીવન ચાલે એવું કાંઈ બતાવો ને...!!





નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા યુથ હોસ્ટેલ સેકટર-૧૬ ખાતે યુવા દિશા કેન્દ્ર અને જી.ઈ. કલબના સહયોગથી ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવેકાનંદ શાળા સે-૨૪ના બાળકોએ મશાલ રેલીનું આયોજન કર્યું હતું. યુવા દિશાના સંજીવ મહેતા અને નહેરૂ યુવા કેન્દ્રના યુથ કોર્ડીનેટર રજનીકાન્ત સુથારે દેશભકતોને યાદ કરી તેમને સન્માનીત કરતા 'ભારત માતા કી જય', 'વંદે માતરમ્'ના નારા લગાવ્યા હતા. ૬૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે આવેલ અમેરિકા સ્થિત ગુજરાતી સમાજના પ્રમુખ સુનીલ પરીખના હસ્તે ધવજવંદન કરાવવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં ડ્રાફ્ટ બજેટ રજુ કર્યા બાદ પત્રકારોને ૧લા માળે કમિશનરશ્રીએ સફાઈ નહિ કરાયેલા કોન્ફરન્સ હોલમાં જ પત્રકારોને સંબોધ્યા હતા.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ ૨૦૧૬-૧૭નું બજેટ રજુ ઈન્ચાર્જ કમિશ્નરે કર્યુ હોય તેવી પહેલી ઘટના બની.

● સ્થાયી સમિતિ સમક્ષ બજેટ રજુ કરનાર ચોથા અધિકારી શ્રી ડી.એન. મોદી બન્યા.

● ગાંધીનગર મહાનગર પાલિકામાં ફૂડ સેફ્ટીને લઈ આજે સ્ટ્રીટ વેન્ડરોને તાલિમ આપવામાં આવી હતી. આ તાલિમ વર્ગને મેયર હંસાબેન મોદીએ ખુલ્લો મુક્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે તબીબી અધિકારીઓની માસિક રિવ્યુ બેઠક મળશે.

● રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્ર તૈયાર કરવાની કવાયત તેજ કરવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લાના રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે વ્યસનમુક્તિ તેમજ કિડની અને મસાના રોગ માટેનો નિદાન કેમ્પ હોમિયોપેથી શાખા દ્વારા આયોજિત કરાયો છે.

# સિવિલ હોસ્પિટલ સંકુલમાં એએસપીની સ્કવોર્ડનો દરોડો

## જુસિકાની જુની ઓફીસ પાછળ ગેરેજમાં જુગાર રમી રહેલા ચાર ડ્રાઈવર સહિત આઠ શકુનીઓની ૨.૫૨ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી એએસપી કરણરાજ વાઘેલાને મળતા સમી સાંજે તેમની સ્કવોર્ડ અને સે. ૭ પોલીસની ટીમે મળીને દરોડો પાડ્યો હતો. જુગાર રમી રહેલા ચાર ડ્રાઈવર સહિત આઠ શકુનીઓની રૂ. ૨.૫૨ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ સેક્ટર-૭ પોલીસમથકના પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ કાર્યવાહી હાથ ધરી છે.

એએસપી કરણરાજ વાઘેલાને બાતમી મળી હતી કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલમાં સ્થિત જુની જુસીકાની ઓફીસ પાછળ વેક્સીન સ્ટોરની બાજુના ગેરેજમાં જુગાર રમાઈ રહ્યો છે. જેને આધારે તેમની સ્કવોર્ડ તથા સેક્ટર-૭ પોલીસની ટીમે મળીને દરોડો પાડતા બાજી માંડીને બેઠેલા આઠ સકુનીઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

જુગાર રમી રહેલા આઠ પૈકી ચાર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તેમની પાસેથી ૮ મોબાઈલ, રૂ. ૧૭,૫૬૦ રોકડા તથા પાંચ વાહનો રૂ. ૨,૩૦,૦૦૦ મળીને કુલ રૂ. ૨,૫૨,૫૬૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને સે. ૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ ગુનો નોંધી આઠેયની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પકડાયેલા આરોપીઓના નામ

- ●બાબુભાઈ ભીખાભાઈ ચૌહાણ (બ્લોક નં. ૩૦/૨, ચ-ટાઈપ, સે. ૩૦)
- ●લાલજીભાઈ ભલાભાઈ દેસાઈ (બ્લોક નં. ૨/૨, ચ-ટાઈપ, સે. ૭)
- ●સુમનકુમાર જશવંતભાઈ પટેલ (મ.નં. એ-૩૦૧, સનફ્લાવર હાઈટ્સ, કુડાસણ)
- ●ચિરાગભાઈ પ્રકાશભાઈ બારોટ (પ્લોટ નં. ૨૨૮/૧, સે.-૪-એ)
- ●વખતસિંહ નાનસિંહ ઠાકોર (બ્લોક નં. ૧૩/૧, છ-ટાઈપ, સે. ૧૬)
- ●દિલીપભાઈ બાબુભાઈ પટેલ (પ્લોટ નં. ૧૫૩/૫, સે. ૭)
- ●હિતેશ ચતુરભાઈ પરમાર (બ્લોક નં. ૧૬૬/૫, સે. ૭)
- ●રતનસિંહ જગુજી વાઘેલા (બ્લોક નં. ૧૪૧/૫, જ-ટાઈપ, સે. ૨૯)

# ચિલોડા મોટા ખાતે ગ્રામસભામાં ભારે ઉહાપોહ

ચિલોડા, તા. ૨૮

ચિલોડા મોટા ગામે સરપંચના અધ્યક્ષસ્થાને યોજાયેલી ગ્રામસભામાં વણઉકેલ્યા પ્રશ્નો બાબતે ભારે વાદ-વિવાદ થયો હતો. તથા ગ્રામસભાનો બહિષ્કાર કરવા સુધીની સ્થિતિ સર્જાઈ હતી.

ગ્રામસભાના પ્રારંભે ગ્રામજનોએ અગાઉ ગ્રામસભાના વણઉકલ્યા પ્રાણપ્રશ્નોનું જરૂરી ફોલોઅપ ન થતાં વાદવિવાદનો વંટોળ પેદા થયો હતો. બી.પી.એલ. લાભાર્થીઓને ફાળવાયેલા મકાનો વેચાણ તથા ભાડે આપેલા હોવાથી સાચા લાભાર્થી લાભથી વંચિત રહેવા પામ્યા છે. આ ઉપરાંત પ્રાથમિક શાળામાં દસ રૂમો પાડવાની મંજુરી મળેલ છે પરંતુ બાંધકામની મંજૂરીના ઠાગાઠૈયા, આર.એસ. બી. કાર્ડ આપવાની કામગીરી, ગામના નમુના નં. ૬ની નોંધો ઈ-ધારામાં થાય છે. તેવી નોંધ નકલ મળતી નથી. શ્રમ યોગીના ફોર્મ ભર્યા પરંતુ કાર્ડ ઈસ્યુ થતા નથી. ગત ચોમાસામાં વાવાઝોડા દરમ્યાન પડી ગયેલ ઝાડોની હરાજીની મંજૂરી ન મળતા લાકડા સગેવગે થાય તેવી દહેશત વગેરે વણઉકલ્યા પ્રશ્નોનો કોઈ ઉકેલ ન આવતા ગ્રામજનોએ ગ્રામસભામાં બહિષ્કારનો સુર ઉભો થયો હતો. ગ્રામસભામાં સરકારી અધિકારી તરીકે મમતાબેન એલ. દત્તાણી જિલ્લા મેલેરિયા અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.



અહેમદ પટેલ પાટનગરમાં : કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના રાજકીય સલાહકાર અહેમદભાઈ પટેલ ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ સહિત સૌ પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી.

# ઘ-૩ સર્કલ પાસે શટલીયાચાલકોનો ત્રાસ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં શટલીયા જીપ-રીક્ષા ચાલકોનો ત્રાસ દિન-પ્રતિદીન વધી રહ્યો છે. પોતાની રીક્ષા કે જીપ મુકે ત્યા તેમનો અડ્ડો સમજી બેસતા શટલીયા ચાલકો વસાહતીઓને પણ ગણતા નથી. ઘ-૨ થી ઘ-૩ તરફના માર્ગ પર સેકટર -૭ માં જવા માટે તંત્ર દ્વારા રસ્તો મુક્વામાં આવ્યો છે. આ ઘ -૩ કોર્નર પર ચાલકો શૌચક્રિયા કરીને અસહ્ય ગંદકી તેમજ બિભત્સ શબ્દો બોલીને ભય ફેલાવે છે. આ સાંકળી શેરીમાંથી નિકળતા સ્થાનિક વસાહતીઓને પણ વિચારવું પડે છે.

રાજયના પાટનગર ગાંધીનગર શહેર મધ્યમાં હોવાથી અહીંથી રોજ હજ્જારો મુસાફરો આવન જાવન કરતા હોય છે. ગાંધીનગરમાં શહેરી બસ સેવા તેમજ એસટી નિગમ સેવાની સાથો સાથ અસંખ્ય જીપ-રીક્ષા શટલીયા વાહનો આટાફેરા મારતા હોય છે. મુસાફરોને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડતા આ શટલીયા ચાલકો બેફામ બન્યા છે. શહેરના ઘ-૩ વિસ્તારમાં એસટી ડેપો હોવાથી મોટીસંખ્યામાં મુસાફરો હોય છે. ઘ-૩ થી ઘ -૨ તરફ જવાના માર્ગ પર તંત્ર દ્વારા સાંકળો માર્ગ મુકવામાં આવ્યો છે નગરજનો માટે રાખવામાં આવેલ પગદંડી રસ્તા પર રીક્ષા અને જીપ ચાલકો બેસીને ત્યાં બિભત્સ શબ્દો તેમજ શૌચક્રિયા કરતા હોવાથી ગંદકી પણ પારાવાર ફેલાય છે. વસાહતીઓ આ ચાલકોને કહેવા જાય તો સામે થાય છે અને કોઈ માનતું નથી. જયારે શટલીયા ચાલકો આ સ્થળ પર એકઠા થઈને જુગાર રમતા હોવાનું પણ વસાહતીઓમાં ચર્ચાઈ રહ્યું છે. આ સ્થળે થી આ શટલીયા ચાલકોને પોલીસ તંત્ર દ્વારા હાંકી કાઢવામાં આવે તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.




# કલરવના બાળ મિત્રો માટે ઈડરિયા ગઢની મુલાકાતનું આયોજન

કલરવ સંસ્થાના વર્ષ ૨૦૧૫-૧૬માટે બાળમિત્ર-સભ્યો માટે આગામી તા. ૭-૨-૨૦૧૬ને રવિવારના રોજ સાબરકાંઠા જિલ્લામાં ઈડર ખાતે ગઢની મુલાકાત લેવાનું નક્કી કરાયુંછે. બાલોત્સવના પ્રારંભેજ વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોના રોલ નંબરમાં ફેરફાર કર્યો નથી. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક દરેક બાળમિત્રનુંનામ, પિતા અટક સાથે રોલ નંબર તા. ૨-૨-૨૦૧૬ મંગળવાર સાંજે ૫.૦૦ સુધીમાંજ મોબાઈલ નંબર ૦૯૩૨૭૦૨૩૯૧૪ મારફતે એસ.એમ.એસ. મોકલીને જ રજીસ્ટ્રેશન કરાવવાનુંછે.

આયોજનના ભાગરૂપે દરેક બાળમિત્ર દીઠ રૂપિયા ૨૦૦નું અનુદાન તા. ૨-૨-૨૦૧૬ સુધીમાં દરેક બાળમિત્રના વાલીએ સમયસર અનુદાનની રકમ જમા કારવીને કલરવના વોલન્ટિયર્સ આશા સરવૈયા, મધુ જૈન, ડૉ. વર્ષા પારેખ, ઉમા ભટ્ટ, મનિષા જૈન, જયશ્રી ખેતિયા, સપના જૈન, અનિલ જૈન, ડૉ. પિયુષ દવે, ઉર્મિલ વેદ, હિમાન્દ્રી વ્યાસ, ડૉ. શ્રીમતી પ્રજ્ઞા દવે, કલ્પના ઠાકર પૈકી કોઈ એકને સોંપી શકાશે. દરેક વાલીએ તેમના બાળકની સાથે થોડો નાસ્તો, પાણીની બોટલ આપીને તા. ૭-૨-૨૦૧૬ને રવિવારે સવારે ૬.૪૫ સુધીમાં સેંટ ઝેવિયર્સ સ્કુલ સે-૮ના મુખ્ય દરવાજા પાસે સમયસર મુકવા તેમજ મોડી સાંજે ૮.૦૦ કલાકે સેંટ ઝેવિયર્સ સ્કુલ પાસે જ લેવા માટે ભુલ્યા સિવાય પરત લેવા માટે જણાવ્યું છે. સમયસર નોંધણી કરાવવા અનુરોધ કરાયો છે. કાર્યક્રમના એસ.એમ.એસ. દરેક બાળમિત્રને મોકલ્યા છે તેમજ પ્રવેશ ફોર્મમાં લખેલા ઈ-મેઈલ આઈડી મારફતે પણ ઈમેલથી પત્ર મોકલવામાં આવ્યો છે.

# સેક્ટર-૬માં નોલેજ સેન્ટર અને ૩૦માં કોમ્યુનીટી હોલ બનશે

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૬માં નોલેજ સેન્ટર તેમજ સેકટર-૩૦માં કોમ્યુનીટી હોલ અને ઈ-લાયબ્રેરી બનાવવાની જાહેરાત આજે રજુ કરાયેલ ડ્રાફ્ટ બજેટમાં કરવામાં આવી છે.

ડે-કેર સેન્ટર, ફિઝીયોથેરાપીનું સેન્ટર પણ સે. ૨ અને ૨૩માં બનાવવા ઉપરાંત સે. ૨ના કોર્નર પર ઓક્સિજન પાર્ક બનાવવાની વાતો પણ અંદાજપત્રમાં કરાઈ છે. તો ફ્રુટ માર્કેટના ભોંયતળિયે મલ્ટીલેવલ પાર્કિંગની વાત ધોળાકુવા ખાતે ઈકો-ફ્રેન્ડલી સ્મશાન ગૃહ બનાવાવની વાત આ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

# બામસેફની બેઠકમાં ગુજરાત પ્રદેશના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૮

'બામસેફ'ની ગુજરાત પ્રદેશની જનરલ બોડીની બેઠક તાજેતરમાં બામસેફ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી તારારામ મેહણાના અધ્યક્ષસ્થાને આંબેડકર હોલ ખાતે સે. ૧૨ ખાતે યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે બામસેફના ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે શ્રી પ્રવીણ સુતરીયા, ગાંધીનગર, મહામંત્રી શ્રી કાન્તીલાલ પટેલ (વલસાડ) અને ખજાનચી શ્રી ડી.જી. અરસોડા ગાંધીનગરની બે વર્ષ માટે વરણી કરવામાં આવેલ છે.

તથા રાષ્ટ્રીય મુળ નિવાસી સંઘના ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે શ્રી તેજપાલ (ગાંધીધામ) અને મહામંત્રી આયુ.જીજાબેન અરસોડા ગાંધીનગરની બે વર્ષ માટે વરણી કરવામાં આવી છે.

# ગાંધીનગર ખાતે બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

## બિહાર અને ગુજરાતના રાજ્યપાલશ્રી સહિત જાણીતા સર્જકો ગુણવંત શાહ અને રઘુવીર ચૌધરી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૮

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે આગામી તા. ૩૦-૩૧, જાન્યુઆરી-૨૦૧૬ના રોજ બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ભાઈજીપુરા પાટીયા, કોબા, ગાંધીનગર ખાતે યોજાયો છે.

રાજયના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના સહયોગમાં યોજાનાર આ રાષ્ટ્રીય પરિસંવાદમાં દેશના અગ્રીમ આંબેડકરવાદી સાહિત્યકારો અને ગુજરાતી અગ્રીમ આંબેડકર સાહિત્યકારો સૌ 'વંચિતોના સાહિત્ય પર ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારાનો પ્રભાવ' એ વિષય પર પોતાના અભ્યાસુ વક્તવ્યો રજુ કરશે.

બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં ૩૦મી જાન્યુઆરીના પ્રથમ દિવસે ઉદ્ઘાટન બેઠકમાં સવારે ૯.૩૦ કલાકે બિહારના રાજ્યપાલ શ્રી રામનાથ કોવિંદ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેશે. જેમની સાથે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતાના મંત્રી શ્રી રમણલાલ વોરાની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ ઉદ્ઘાટન બેઠકમાં મુખ્ય અતિથિ તરીકે દેશના અગ્રીમ દલિત સાહિત્યકારો શ્રી ડૉ. વિજય સોનકર શાસ્ત્રી અને શ્રી યશવંત મનોહર પણ ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે ગુજરાતના મુર્ધન્ય સર્જકો શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી ગુણવંત શાહ તથા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના નિયામક શ્રી બિમલ પટેલ પણ ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રવીણ શ્રીમાળી કરશે.

ઉદ્ઘાટન સત્ર બાદ પ્રથમ સત્રમાં અગ્રીમ હિન્દી દલિત સાહિત્યકાર શ્રી મોહન નૈમિષરાયની અધ્યક્ષતામાં શ્રી યશવંત મનોહર બીજરૂપ વક્તવ્ય આપશે. જ્યારે 'હિન્દી આંબેડકરવાદી સાહિત્ય : વિદ્રોહી મુદ્રા' પર શ્રી જયપ્રકાશ કર્દમ, 'રાજસ્થાની આંબેડકરવાદી સાહિત્ય' પર ડૉ. કાલીચરણ સનેહી પોતાના વક્તવ્યો રજુ કરશે. આ બેઠકનું સંચાલન ડૉ. મોહન ચાવડા કરશે.

૩૧મી જાન્યુઆરીએ બપોરે ૧૫.૩૦ કલાકે યોજાનારી સમાપન બેઠકમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. જેમાં મુખ્ય અતિથિ તરીકે મંત્રી શ્રી રમણલાલ વોરા અને અગ્રીમ અર્થશાસ્ત્રી શ્રી નરેન્દ્ર જાદવની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ બેઠકમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા, આંબેડકરવિદ ડૉ. પી.જી. જ્યોતિકર અને ગુજરાત નેશનલ લૉ યુનિવલર્સિટીના નિયામક શ્રી બિમલ પટેલ ઉપસ્થિત રહેશે. જેમાં મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નોનું વિતરણ થશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નટુભાઈ પરમાર કરશે.

# કોંગ્રેસ માયનોરીટી સેલ દ્વારા કલેકટરને આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેનશ્રી હિંમતભાઈ એ. મેકવાન તથા વાઈસ ચેરમેન યુસુફખાન જે. પઠાણના હસ્તે ભારત સરકાર દ્વારા જામીયા મીલીયા યુનિવર્સિટી તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓના પ્રમાણપત્ર રદ કરવાના નિર્ણય બાબતે તેમજ રોહિત વેમુલા નામના દલિત વિદ્યાર્થીને (અનુ. જાતિ) યુનિ.માં પ્રવેશ આપવાનું રદ કરવામાં આવતા તેના પરિણામે આત્મહત્યા કરવાની ફરજ પડી હતી. જેની જવાબદારી ભારત સરકારના માનવ સંસાધન વિકાસ પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઈરાની પોતાની જવાબદારી સમજી રાજીનામું આપે તેવી માંગણી સાથે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા ગાંધીનગર કલેકટરશ્રીને આજ રોજ આવેનદપત્ર આપેલ જેમાં માયનોરીટી ડિપાર્ટમેન્ટના હોદ્દેદારો શ્રી કીરીટભાઈ પરેરા, પોલ જે. ક્રિસ્ટી, નાસીર શાહ દિવાન, શાંતિલાલ પરમાર તથા શહેર કોંગ્રેસના મહામંત્રી મુકેશ શાહ, એન.જે. સોલંકી અને સી.એલ. વર્મા હાજર રહ્યા હતાં.






ટેલેન્ટ ઈવનિંગ : ગાંધીનગર જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા ટેલેન્ટ ઈવનિંગનો રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો. સંસ્થાના સભ્યો દ્વારા તૈયાર કરાયેલ કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યું હતું. નાટ્ય નૃત્યની અભિવ્યક્તિ સાથે બાળકોથી લઈ ગૃહિણીઓએ પણ મંચ પર મન મૂકીને અભિવ્યક્તિ કરી હતી. પ્રતિવર્ષ યોજાયો સંસ્થાના સભ્યો માટેનો આ કાર્યક્રમ જૈન સોશિયલ ગૃપમાં લોકપ્રિય બની રહ્યો છે. કાર્યક્રમને માણવા જૈન સમાજના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)